GJSR020897972023

Presented on : 26-08-2023
Registered on : 26-08-2023
Decided on : 01-02-2024
Duration : 0 years, 5 months, 6 days

**IN THE COURT OF 4TH ADDL CIVIL JUDGE & JMFC AT SURAT**
**(Presided Over by AAKAR LALITKUMAR TRIVEDI)**

**CC/77835/2023**

Exhibit No.16

**ફરિયાદી : શ્રી સરકાર**

**વિરુધ્ધ**

**આરોપી : રાહુલ રતીરામ યાદવ,**
**ઉ.વ.૨૨,**
રહેવાસી :પ્લોટ નં.૦૫, શિવશકિતનગર, રાજુ ભરવાડના મકાનમાં, વિશ્વકર્મા મંદીર પાસે, આઝાદનગર રોડ, ખટોદરા, સુરત.
મુળવતન : ગામ– બરવાગામ, તા.સરોલી, જી.હમીરપુરા (યુ.પી.).

=====================================================================

સરકાર તરફે વિદ્યાન એ.પી.પી.શ્રી એન.એસ.વસાવા.
આરોપી તરફે વિદ્યાન વકીલશ્રી જી.આર.મિશ્રા.

=====================================================================

**ગુનો : ખટોદરા પોલીસ સ્ટેશન એ ગુના રજીસ્ટર નં.૧૧૨૧૦૦૨૩૨૩૦૪૮૦ / ૨૦૨૩, ભારતીય દંડ સંહિતાની કલમ – ૩૮૦,૪૫૪,૧૧૪, ૪૧૧ મુજબ :**

**: : જ જ મે ન ટ : :**

૧. ફરિયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે ગઈ તારીખ તા.૦૧ /૦૬/૨૦૨૩ના કલાક ૧૧–૨૫ થી ૧૧–૪૦ વાગ્યા સમયગાળામાં આરોપીએ

બાળકિશોર નામે હર્ષ ભગવાનભાઈ કોરપેની મદદગારી કરી ફરીયાદીનાઓની માલિકી બંધ મકાનમાં બારી મારફતે દાખલ થઈ ફરીયાદીની તિજોરીમાં લગ્ન મળેલ ભેટ–સોગાદના દાગીના એક તોલા સોનાનો હાર જેની કિંમત ૬૦,૦૦૦/–, ત્રણ તોલાનું મંગળસુત્ર જેની કિંમત રૂા.૧ ,૮૦,૦૦૦/–, સવા તોલાનો ચેઈન તથા સાંઈ બાબાનું ડિઝાઈન વાળુ પેન્ડલ જેની કિંમત રૂા.૫,૦૦૦/– એમ કુલ્લે રૂા.૩,૨૩,૦૦૦/–ની ચોરી કરી આરોપીએ મદદગારીથી ચોરી કરી ગુન્હો કરી ઇ.પી.કો કલમ ૩૮૦, ૪૫૪, ૧૧ ૪, ૪૧૧ હેઠળ શિક્ષાપાત્ર ગુનો કરેલ અને તે બનાવ અંગે ફરિયાદીએ ફરિયાદ આપેલ, જે આધારે ખટોદરા પોલીસે ગુનો રજીસ્ટર્ડ કરેલ.

૨. ફરિયાદીની ફરિયાદને આધારે ખટોદરા પોલીસે આરોપીઓ સામે ભારતીય દંડ સંહિતાની કલમ ૩૮૦, ૪૫૪, ૧૧૪, ૪૧૧ મુજબનો ગુનો રજીસ્ટર્ડ કરેલ અને આગળની તપાસ તપાસ કરનાર અધિકારીસ્એ સંભાળી લીધેલ હતી અને તેઓએ બનાવ સંદર્ભે લાગતા વળગતા સાહેદોના નિવદનો લીધેલ તેમજ આરોપીઓને મુદત અંદર કોર્ટમાં રજૂ કરી આરોપીઓ સામે પુરતો પુરાવો હોઈ ગુનાનું ચાર્જશીટ કરવામાં આવેલ છે. જે આધારે ગુનાનું કોગ્નીઝન્સ લઈ આરોપીઓ સામે સમન્સ ઈસ્યુ કરવામાં આવેલ છે.

૩. આરોપીને કાઢવામાં આવેલ સમન્સ તેઓને ધોરણસર રીતે બજવણી થતા આરોપી તેઓના વિ.વ.શ્રી મારફતે અદાલત સમક્ષ હાજર થયેલ છે અને તેઓને આપવાની પોલીસ પેપર્સની નકલો આપ્યાની ખાત્રી કરેલ. આરોપી સામે ભારતીય દંડ સંહિતાની કલમો ૩૮૦, ૪૫૪, ૧૧૪, ૪૧૧ મુજબનો આક્ષેપ મુકેલ છે. આરોપી સામે લેખિત માં તહોમતનામું ફરમાવવામાં

આવેલ છે. જે આરોપીને વાંચી સંભળાવી સમજાવતા તેઓ સામે કરવામાં આવેલ આક્ષેપોનો ઈન્કાર કરેલ હોય આરોપીઓનો જવાબ આંક–૦૭ થી લ ેવામાં આવેલ. જે બાદ હાલનું કામ ફરિયાદપક્ષના પુરાવા માટે મુલત્વી રાખવામાં આવેલ.

૪. ફરિયાદપક્ષે તેમના કેસના સમર્થનમાં નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે :

**(અ) મૌખિક પુરાવા:**

| અ.નં. | સાહેદો | આંક |
|---|---|---|
| 01 | ફરિયાદી રીના જીતેન્દ્ર જાદવની જુબાની | 08 |

**(બ) દસ્તાવેજી પુરાવા :**

| અ.નં. | દસ્તાવેજો | આંક |
|---|---|---|
| 01 | ફરિયાદીની ફરિયાદની નકલ | 08 |
| 02 | ગુન્હાવાળી જગ્યાનું પંચનામુ | 10 |
| 03 | પંચનામાની નકલ | 11-13 |
| 04 | ક્લોઝીંગ પુરસીસ | 14 |

૫. ફરિયાદપક્ષે ઉપરોકત પુરાવો રજુ કર્યા બાદ ફરિયાદીએ ક્લોઝીંગ પુરસીસ આપી પોતાનો પુરાવો પુર્ણ કર્યાની જાહેરાત કરતા સદર કામે ફરિયાદપક્ષનો પુરાવો બંધ કરી આ કામ આરોપીના વધારાના નિવેદન માટે રાખવામાં આવેલ, પરંતુ આરોપીનું સી.આર.પી.સી.ની કલમ ૩૧૩ મુજબનું વધારાનું નિવેદન લઈ શકાય તેટલો પુરાવો રજુ થયેલ ન હોઈ આ કામે આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી. ત્યારબાદ સદર કામ આખરી દલીલ માટે રાખી ઉભય પક્ષકારો તરફે વિદ્વાન વકિલશ્રીઓ દ્વારા કરવામાં આવેલ દલીલો સાંભળવામાં આવેલ છે.

૬. હાલના કેસના ન્યાયિક નિર્ણય માટે મારી સમક્ષ નીચે મુજબ ના મુદા ઉપસ્થિત થાય છે :

**:: મુદ્દાઓ ::**

(૧) શું ફરિયાદપક્ષ વ્યાજબી શંકાથી પર પુરવાર કરે છે કે ગઈ તારીખ તા.૦૧ /૦૬/૨૦૨૩ના કલાક ૧૧–૨૫ થી ૧૧–૪૦ વાગ્યા સમયગાળામાં આરોપીએ બાળકિશોર નામે હર્ષ ભગવાનભાઈ કોરપેની મદદગારી કરી ફરીયાદીનાઓની માલિકી બંધ મકાનમાં બારી મારફતે દાખલ થઈ ફરીયાદીની તિજોરીમાં લગ્ન મળેલ ભેટ–સોગાદના દાગીના એક તોલા સોનાનો હાર જેની કિંમત ૬૦,૦૦૦/–, ત્રણ તોલાનું મંગળસુત્ર જેની કિંમત રૂ.૧,૮૦,૦૦૦/–, સવા તોલાનો ચેઈન તથા સાંઈ બાબાનું ડિઝાઈન વાળુ પેન્ડલ જેની કિંમત રૂ.૫,૦૦૦/– એમ કુલ્લે રૂ.૩,૨૩,૦૦૦/–ની ચોરી કરી આરોપીએ મદદગારીથી ચોરી કરી ગુન્હો ઈ.પી.કો કલમ ૩૮૦, ૪૫૪, ૧૧૪, ૪૧૧ હેઠળ શિક્ષાપાત્ર ગુનો આચરેલ છે ?

(૨) શું હુકમ ?

૭. ઉપરોકત મુદ્દાના મારા તારણો નીચે મુજબ છે :

(૧) નકારમા.

(૨) આખરી હુકમ મુજબ.

**: કા ર ણો :**

ઉપરોકત મુદ્દાઓ પરત્વે ઉપરોકત તારણ પર આવવા માટેના કારણો નીચે મુજબ છે :

**મુદ્દા નં.૧ :**

૮. આ કામે ઉભય પક્ષકારો તરફે વિદ્ધાન વકિલશ્રીઓ દ્ધારા કરવામાં આવેલ દલીલો ધ્યાને લઈ રેકર્ડ ઉપર આવેલ પુરાવાઓનું મુલ્યાંકન કરતા અગાઉ આરોપી વિરૂધ્ધ આંક–૧ થી રજુ થયેલ તહોમત વંચાણે લેતા તે ભારતીય દંડ સંહિતાની કલમ ૩૮૦, ૪૫૪, ૧૧૪, ૪૧૧ મુજબનું હોઈ આરોપીઓ સામેનું તહોમત નિ:શંકપણે પુરવાર કરવા માટે ફરિયાદપક્ષ તરફે સૌપ્રથમ એ

હકીકત પુરવાર થવી જરૂરી છે કે આ કામના આરોપીએ ફરીયાદીના ફરીયાદીનાઓની માલિકી બંધ મકાનમાં બારી મારફતે દાખલ થઈ ફરીયાદીની તિજોરીમાં લગ્ન મળેલ ભેટ–સોગાદના દાગીના જે કુલ્લે રૂા.૩,૨૩,૦૦૦/–ની ચોરી કરી પકડાઈ જતા આરોપીએ ભારતીય દંડ સંહિતાની કલમ ૩૮૦, ૪૫૪, ૧૧૪, ૪૧૧ હેઠળ શિક્ષાપાત્ર ગુનો કરેલ છે.

૯. ઉપરોક્ત હકીકતો અને કાયદાકીય જોગવાઈ ધ્યાનમાં રાખી આ કામે પડેલ પુરાવાઓનું મુલ્યાંકન કરતી વેળાએ ફરિયાદી રીના જીતેન્દ્ર જાદવને આંક – ૦૮ થી તપાસવામાં આવેલ છે આ સાહેદની સોગંદ ઉપરની જુબાની વંચાણે લેતા તેઓએ ફરીયાદની હકીકતોને મહદઅંશે સમર્થન આપેલ છે બનાવ ગઈ તા.૨૮/૦૫/૨૦૨૩ના રોજ બપોરના અગ્યિાર વાગ્યા ઘરે હાજર હતા અને તેઓના પૈસા મુકવા ઘરની તિજોરી ખોલી પર્સમાં રૂા.૫૦૦/– મુકેલ હતાતે વખતે તેઓના દાગીના જેમા સોનાના હાર, સોનાની સવા તોલાની ચેઈન, સાંઈબાબાની ડીઝાઈન વાળુ પેન્ડલ, ચુની નંગ–૩ તથા મહારાષ્ટ્રીયન નથ નંગ–૩ આમ, કુલ્લે રૂા.૩,૨૩,૦૦૦/– તેઓના લગ્ન વખતે ભેટ સોગાદ મળેલ તે મુકી દીધેલ અને ત્યારબાદ તા.૦૩/૦૬/૨૦૨૩ ના રોજ વડ સાવિત્રીનું વ્રત હોય તિજોરી ખોલીને જોતા તેઓના ઉપરોકત જણાવેલ ઘરેણા જણાય આવેલ નહી, જેથી ગઈ તા. ૦૧/૦૬/૨૦૨૩ ના રોજ કોઈ અજાણ્યા ઈસમ ચોરી કરી લઈ જતા તેઓ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ આપેલ જેને આંક–૦૯ થી રજુ કરેલ છે. સદર ફરીયાદીની આરોપીઓ તરફે ઉલટતપાસ ધ્યાને લેવામાં આવે તો તેમાં ફરીયાદીએ સ્વીકારેલ છે કે, તેઓના સોનાના દાગીના કોણ ચોરી ગયેલ તે અંગે તેઓને કોઈ જાણકારી નથી તેઓ આરોપીને જોયેથી ઓળખી શકે નહી અને બનાવ નજરે જોયેલ નથી. તે હકીકત ધ્યાને લેતા ફરીયાદ હકીકતને સમર્થન મળે તેવો કોઈ પુરાવો રજુ આપેલ નથી.

૧૦. ફરિયાદપક્ષે આરોપી સામેનો આક્ષેપ પુરવાર કરવા માટે ગુન્હાવાળી જગ્યાનું પંચનામું રજૂ કરેલ છે, આરોપીના વિદ્વાન વકિલશ્રીએ કબુલ કરેલ છે જે દસ્તાવેજને આંક–૧૦ આપવામાં આવેલ છે, જે દસ્તાવેજો ફરિયાદીની આંક – ૧૫ ની ક્લોઝીંગ પુરસીસ અન્વયે મહત્વના રહેતા નથી.

૧૧. કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાંત મુજબ શંકા ગમે તેટલી મજબુત હોય તો પણ તે પુરાવાનું સ્થાન લઈ શકે નહી. વધુમાં ફોજદારી જ્યુરીસપ્રુડન્સના સિધ્ધાંતને ધ્યાનમાં લેતાં ફરીયાદપક્ષે પોતાનો કેસ શંકારહીત પુરવાર કરવાનો હોય છે તથા ફરીયાદપક્ષના કેસમાં રહેલ વ્યાજબી શંકાનો લાભ આરોપીની તરફેણમાં આપવાનો રહે છે. વધુમાં રેકર્ડ પરના પુરાવાથી એકબાજુ એમ જણાઈ આવતું કે આરોપીએ કહેવાતો ગુનો કરેલ છે તથા બીજી બાજુ એમ જણાઈ આવતું હોય કે આરોપીએ કહેવાતો ગુનો કરેલ નથી અથવા તો આરોપીએ તે કહેવાતો ગુનો ન પણ કરેલ હોય ત્યારે તેવા સંજોગોમાં ફરીયાદીએ પોતાનો કેસ આરોપી વિરૂધ્ધ શંકારહીત સાબીત કરેલ છે તેમ ગણી શકાય નહી. જેથી ફરીયાદપક્ષના કેસમાં રહેલ શંકાનો લાભ આરોપીને મળવાપાત્ર છે. વધુમાં નામદાર સુપ્રિમકોર્ટના ***કૈલાશ ગૌર વિ. સ્ટેટ ઓફ આસામ, એ.આઈ.આર.૨૦૧૨ એસ.સી.૭૮૬*** તથા બચાવપક્ષ તરફે વિ.વકીલશ્રી તરફથી રજુ થયેલ ***સુચિત વિશ્વાસ વિ. સ્ટેટ ઓફ આસામ*** ના ચુકાદાના પ્રસ્થાપિત સિધ્ધાંતો ધ્યાને લઈએ તો :

*“It is one of the fundamental principles of criminal jurisprudence that an accused is presumed to be innocent till he is proved to be guilty. It is equally well settled that suspicion howsoever strong can never take the place of proof. There is indeed a long distance between accused `may have committed the offence' and `must have committed the offence' which must be traversed by the prosecution by adducing reliable and cogent evidence.*

*Presumption of innocence has been recognised as a human right which cannot be wished away. Narendra Singh ans Anr vs State of M.P. (2004) 10 SCC 699 and Ranjitsingh Bhramajeetsingh Sharma Vs State of Mahasrashtra and Ors. (2005) 5 SCC 294. To the same effect is the decision of this Court in Ganesan vs. Rama S Raghuraman. (2011) 2 SCC 83 where this Court observed:*

*"Every accused is presumed to be innocent unless his guilt is proved. The Presumption of innocence is human right. Subject to the statutory exceptions, the said principle forms the basis of criminal jurisprudence in India."*

*In the case of Sujit Biswas Vs State of Assam ABC 2013(11) 13 SC Hon'ble Supreme Court held that Suspicion, however grave it may be, cannot take the place of proof, and there is a large difference between something that `may be' proved, and something that `will be proved'. In a criminal trial, suspicion no matter how strong, cannot and must not be permitted to take place of proof. This is for the reason that the mental distance between `may be' and `must be' is quite large, and divides vague conjectures from sure conclusions. In a criminal case, the court has a duty to ensure that mere conjectures or suspicion do not take the place of legal proof. The large distance between `may be' true and `must be' true, must be covered by way of clear, cogent and unimpeachable evidence produced by the prosecution, before an accused is condemned as a convict, and the basic and golden rule must be applied. In such cases, while keeping in mind the distance between `may be' true and `must be' true, the court must maintain the vital distance between mere conjectures and sure conclusions to be arrived at, on the touchstone of dispassionate judicial scrutiny, based upon a complete and comprehensive appreciation of all features of the case, as well as the quality and credibility of the evidence brought on record. The court must ensure, that miscarriage of justice is avoided, and if the facts and circumstances of a case so demand, then the benefit of doubt must be given to the accused, keeping in mind that a reasonable doubt is not an imaginary, trivial or a merely probable doubt, but a fair doubt that is based upon reason and common sense. (Vide: Hanumant Govind Nargundkar & Anr. v. State of M.P., AIR 1952 SC 343; State through CBI v. Mahender Singh Dahiya, AIR 2011 SC 1017; and Ramesh Harijan v. State of U.P., AIR 2012 SC 1979)."*

૧૨. આમ, ઉપરોકત ચર્ચા કરેલ કારણોસર ફરીયાદપક્ષની દલીલ સ્વીકારવાપાત્ર જણાતી નથી તથા આરોપીઓના વિદ્ધાન વકિલશ્રીની દલીલો સ્વીકારવાપાત્ર જણાય છે. આમ ઉપરોકત ચર્ચા કરેલ કારણોના આધારે મુદ્દા નં. ૧ નો નિર્ણય નકારાત્મક આપવામાં આવે છે તથા ઉપરોકત ચર્ચા કર્યા પ્રમાણે મુદ્દા નં. ૨નો જવાબ નકારમાં આપવામાં આવે છે અને ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**:: આખરી હુકમ ::**

(૧) આ કામના આરોપીને સી.આર.પી.સી. ની કલમ–૨૪૮(૧) અન્વયે ઈ.પી.કો. કલમ ૩૮૦, ૪૫૪, ૧૧૪, ૪૧૧ હેઠળના ગુન્હાના તહોમતમાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) સદર કામે મુદામાલ અંગે વચગાળાનો જે હુકમ કરવામાં આવેલ તે કાયમ રાખવમાં આવે છે અને જો વચગાળાનો હુકમ ન કરવામાં આવે તો બિનકિંમતી મુદામાલનો અપીલ સમય વીત્યા બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) વધુમાં આ કામે આરોપીના જામીન ખત રદ કરવાનો હુકમ કરવામાં આવે છે. વધુમાં આ કામના આરોપીને એવો હુકમ કરવામાં આવે છે કે આરોપીએ સી.આર.પી.સી.ની કલમ–૪૩૭એ મુજબના રૂા. ૫,૦૦૦/–ના જાત જામીન તથા તેટલી જ રકમના જામીન આપવા.

હુકમ આજરોજ તારીખ ૧લી ફેબ્રુઆરી, સને ૨૦૨૪ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**સ્થળ : સુરત**
**તારીખ : ૦૧/૦૨/ ૨૦૨૪**

**આકાર લલિતકુમાર ત્રિવેદી**
**ચોથા અધિક જયુડી.મેજી.ફ.ક.,**
**કોડ નં.જી.જે.૦૧૫૫૭**